**અમદાવાદનાં મે.અધિકસત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની અદાલતમાં,**
**(અદાલત નં.–૨૨ )**

**સેશન્સ કેસ નં.–૫૧૬/૨૦૨૪**

**ફરિયાદીઃ** **શ્રી સરકાર**

***વિરૂદ્ધ***

**તહોમતદારઃ–** **હમીદભાઈ આમીરભાઈ શેખ**
ઉ.વ.આ.–૨૪, ધંધો– છુટક મજુરી
રહે. સંતોષનગરની ચોકીની પાછળસ શૌચાલય પાસે
ખાડાના મકાનમાં, બહેરામપુરા, દાણીલીમડા,
અમદાવાદ.

// **આંક–૦૧ નીચે હૂકમ** //

1. ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી સી.આર.ખત્રી દ્વારા આજરોજ ફરિયાદપક્ષનો કેસ કેવા પ્રકારનો છે તેમજ આરોપીઓ વિરૂદ્ધ જે તહોમત છે તે અંગે રજૂઆત કરતા જણાવેલ છે કે, આ કામે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર તથા હાલના આરોપીએ એકબીજાની મદદગારીથી ગઇ તા.૧૨/૦૬/૨૦૨૩ ના કલાક. ૨૧/૧૫ વાગ્યાના સુમારે ફરિયાદીશ્રી પાલડી એન.આઈ.ડી ચાર રસ્તા ખાતે સરદાર બ્રીજના છેડે પોતાના એકટીવામાં પસાર થતા પાછળથી કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર પોતાના કબ્જાની પોતાની એક્સેસ સ્કુટર ચલાવી ફરિયાદીની નજીક લઇ જતા અને પાછળ બેસેલા હાલના આરોપીએ ફરિયાદીશ્રીના ઉપરના ખિસ્સામાં રહેલ તેઓનો સેમસંગ કંપનીનો 8 galaxy mo4 મોડલનો જેનો IMEI નં.–352968442308 4 તથા 353704472308485 નો હતો જે મોબાઈલ ફોનની હાલની કિ.રૂા.૭,૦૦૦/–ની ગણી શકાય તે ઝુંટવીને લઇ ભાગી જઇ, પાછળથી પકડાઈ જઈ, આઈ.પી.સી. કલમ–૩૭૯(એ),૩, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે.

2. ફરિયાદપક્ષ દ્વારા કરવામાં આવેલ રજૂઆત તેમજ સદર કેસનું રેકર્ડ ધ્યાને લેતાં આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવા માટે પુરતું કારણ હોય, નીચે મુજબનો હૂકમ કરવામાં આવે છે.

**:: હૂકમ ::**

આરોપી હમીદભાઈ આમીરભાઈ શેખનાઓ વિરૂદ્ધ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૨૮ અન્વયે તહોમતનામું ફરમાવવાનો આથી હૂકમ કરવામાં આવે છે.

**આ હૂકમ આજ તારીખના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.**

**તા.–૨૧/૦૪/૨૦૨૫**
**અમદાવાદ.**

**(ભાવેશ કે. અવાશીયા)**
**અધિક સત્ર ન્યાયાધિશ,અદાલત નં.–૨૨.**
**સિટી સિવીલ એન્ડ સેશન્સ કોર્ટ,**
**અમદાવાદ શહેર**
**(યુનિક આઈ.ડી. કોડ નં.–જીજે૦૦૮૧૬)**

***HGJ***